જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૧/૨૦૨૩   બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ગુના નિવારણ શાખા(પીસીબી):-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ દ્વારા જુદા જુદા પો.સ્ટે. વિસ્તારમાં તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૩૧/૧૦/૨૦૨૩ ના સમય દરમ્યાન ગુનાહિત પ્રવૃતિઓ કરતા ૬૨ ઈસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઈસમોને ગુજરાત રાજયની નીચે મુજબની જેલો ખાતે કેદ રહેવા સારૂ મોકલી આપેલ છે.

| અ.નં. | જેલ | શરીર સબંધી | મિલ્કત સબંધી | પ્રોહીબીશન | ગેરકાયદેસર હથિયાર | ક્રુર વ્યક્તિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૦૫ | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૦ | ૧૮ |
| ૨ | ભુજ | ૦૨ | ૦૫ | ૦૬ | ૦૦ | ૦૧ | ૧૪ |
| ૩ | રાજકોટ | ૦૨ | ૦૭ | ૦૮ | ૦૦ | ૦૦ | ૧૭ |
| ૪ | સુરત | ૦૨ | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૦ | ૧૩ |
| કુલ | — | ૧૧ | ૨૫ | ૨૪ | ૦૧ | ૦૧ | ૬૨ |

# રીક્ષામા પેસેન્જરને બેસાડી પેસેન્જરની નજર ચુકવી સોનાની બંગડી કાપી ચોરી કરી લઇ જનાર ત્રણ આરોપીઓને પકડી પાડી ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૩૧૨૯૯/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામના ફરીયાદી પુષ્પાબેન દશરથલાલ પટેલ ઉ.વ-૬૯ રહે,મ.નં ડી/૧ વંદન એપાર્ટમેન્ટ શ્રીરામપાર્ક સોસાયટીની અંદર લોટસ સ્કુલની સામે ઇસનપુર અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે ગઇ તા.૨૪/૧૦/૨૦૨૩ ના કલાક ૦૯/૦૦ વાગ્યાથી કલાક ૦૯/૧૫ વાગ્યા દરમ્યાનમા ફરીયાદી ઇસનપુર ઓમટાઉન ભાજીપાઉ નામની દુકાન પાસેથી રીક્ષામા બેસી ઇસનપુર જૈન દેરાસર ખાતે જતા હતા તે વખતે ફરીયાદીને રીક્ષામા વચ્ચે બેસાડી ફરીયાદીની નજર ચુકવી ફરીયાદીના હાથમા પહેરેલ સોનાની બંગડી આશરે સવા તોલા વજનની કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મત્તાની રીક્ષામા કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ

સદર ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી આવા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટર શ્રી એ.પી.ગઢવી સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ પી.જી.ચાવડા નાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની ટીમ બનાવી બનાવવાળી જગ્યાની આસપાસ તથા રીક્ષા જે રૂટ ઉપર ગયેલ તે રૂટ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા જેમા આરોપીઓના ચહેરા તથા રીક્ષાનો નંબર જણાઇ આવતા આવતા જે ફુટેજમા જણાતી રીક્ષા તથા ઇસમોની તપાસમા હતા દરમ્યાનમા દરમ્યાનમા ગઇ તા ૩૦/૧૦/૨૦૨૩ ના કલાક ૨૧/૩૦ વાગે નારોલ સર્કલ અંબિકા હોટલ પાસેથી એ.એસ.આઇ જગદેવસિહ ગુલાબસિહ તથા અ.પો.કો વસીમમીયા ઉસ્માનમીયા તથા અ.પો.કો પૃથ્વીરાજસિહ પ્રતાપસિહ તથા અ.પો.કો સુનિલ બુધાભાઇ નાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) નરેન્દ્રકુમાર ઉર્ફે નરેશ સ/ઓ શનાભાઇ ફકીરભાઇ તળપદા ઉ.વ-૨૬ રહે,રેલ્વે સ્ટેશનની પાછળ ચાંદ સૈયદની દરગાહ પાસે ગોળીબારનો ટેકરો માધવપુરા મહેમદાવાદ જી-ખેડા તથા (૨) ભરતભાઇ સ/ઓ મગનભાઇ છનાભાઇ સોલંકી ઉ.વ-૩૩ રહે,પ્રગતિનગર સોસાયટી આકૃતીની બાજુમા નારોલ અમદાવાદ શહેર તથા (૩) સરજુ સ/ઓ બાલીકદાસ ઉર્ફે મોટાભાઇ ટપુભાઇ દેવીપુજક ઉ.વ-૨૧ રહે,રેલ્વે સ્ટેશનની પાછળ ભાથીજીના મંદિર પાસે ગોળીબારનો ટેકરો માધવપુરા મહેમદાવાદ જી-ખેડા નાઓને પકડી પાડી ગુનામા વાપરેલ રીક્ષા નંબર GJ-07-TV-3534 કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા ચોરીમા ગયેલ સોનાની બંગડી કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી સારી કામગીરી કરેલ છે

**શોધાયેલ ગુના;-** (૧) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૩૧૨૯૯/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૧/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૬ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૩/૨૦૨૩**

**ઓઢવઃ** શૈલેષભાઇ સત્યનારાયણભાઇ જોષી (રહે. સત્યમ બંગ્લોઝ સિગ્નેચર પ્રાઇડ ફ્લેટની બાજુમાં સિંગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૩ કલાક ૧/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રૂમની બારીની એંગલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૭૨,૪૭૭/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૪/૨૦૨૩**

**“જે” ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** નિશીથ હિમાંશુભાઇ ભાવસાર (ઉ.વ.૨૮) (રહે. પર્લ એપાર્ટમેન્ટ, શક્તિ વિધ્યાલય સામે, સેટેલાઇટ) તા.૩૧/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાનું મોટર સાયકલ ચલાવી જશોદાનગર ચાર રસ્તા બ્રીજ નીચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કચરાની ડમ્ફર ગાડી નંબર જીજે ૦૧ ડીટી ૫૯૪૪ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા નિશીથ ભાવસારને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર નિશીથ ભાવસારના ભાઈ સ્મિત ભાવસારએ “જે” ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૫/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** કોપરેલ લેક વ્યુ નામની સાઈટ ખાતે સિક્યોરીટીની નોકરી કરતા દશરથભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ.૬૬) (રહે. મોટો માઢ ત્રિપુરા માતાના મંદીરની બાજુમાં ઓગણજ ગામ ઓગણજ) તા.૩૦/૧૦/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સાઈટના ગ્રાઉન્ડ ફ્લોરના હવા ઉજાસ વાળી જગ્યાએથી બેઝ્મેન્ટના પાર્કિંગમા નીચે ભોયતળિયે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી